# Sneha Foundation

*A dream for everyone...*

ઘણી મેં શોધ કરી શ્લોક ને સ્તુતિમાં,
ઇશ્વર આખરે મળ્યો સ્નેહ, સેવા ને સહાનુભૂતિમાં,
અહીં સ્નેહ, સેવા અને સહાનુભૂતિ
એટલે... **સ્નેહા ફાઉન્ડેશન**






Trust Reg. No. F/2867 (Bhavnagar)
Society Registration No. Gujarat/2945/Bhavnagar

Tax Exemption under Section 80(G)
No. : DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016

**9328283281 | 9586863218 | 9510888990**

Plot No. 217, Opp. Hanumanji no Otalo, Opp. Street of Bahuchar Mataji's Temple,
Ruvapari Road, Khedutvas, Bhavnagar-364 005 (Gujarat-India)

## સંસ્થાનો પરિચય :

**"સૂર્ય ન બની શકીએ તો કંઈ નહીં, પણ જો એક નાનકડો દીવો બની શકાય તો પણ આપણી આસપાસનાં લોકોને થોડો ઉજાસ તો જરૂર આપી શકીશું..."** આ શબ્દોને જ પોતાનો જીવનમંત્ર બનાવીને **શ્રી ગુરપ્રીતસિંગ** ગીલ સમાજના આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ લોકોના જીવનમાં ચોક્કસપણે કંઈક મદદરૂપ થાય જ છે.



**શ્રી ગુરપ્રીતસિંગ** ગીલ એ સમાજસેવાના ક્ષેત્રમાં જરાય અજાણ્યું નામ નથી. છેક ૨૦૦૭ માં **'અશ્વમેઘ'** નામે એક સંસ્થા બનાવી અને સમાજનાં આવા તરછોડાયેલાં અને ઉપેક્ષિત લોકોની સેવા કરવાનો પ્રારંભ કર્યો. સમય જતાં, પોતાનું આ કાર્ય વધુ સારી રીતે વિસ્તૃત બનાવી અને વધુ આયોજનબદ્ધ રીતે કરી શકાય તે માટે પોતાની આવી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારી અને વધુને વધુ લોકો સુધી પહોંચવાના શુભાશ્રયથી **તા. ૧૭–૦૯–૨૦૧૧** ના રોજ પોતાના સદ્‌ગુરૂશ્રી, પોતાના **માતૃશ્રી શ્રીમતી માલતીબેન** જસવંતસિંગ ગીલ તથા અન્ય સૌ વડિલોના આશિર્વાદ સાથે **'સ્નેહા ફાઉન્ડેશન'** ની સ્થાપના કરી.

આ સ્થાપના સાથે જ પોતાના કાર્યોની ધાર વધુ તેજ બની અને પ્રવૃત્તિઓનો વ્યાપ પણ વધ્યો. સાથે સાથે સંસ્થાનું રજીસ્ટ્રેશન **તા.૧૧–૦૯–૨૦૧૪** ના દિવસે કર્યું. હવે તેમનું ક્ષેત્ર વિશાળ થતાં કામો પણ વધ્યા. આગળ જતાં તેમણે અન્ય લોકોને, ખાસ કરીને યુવાનોને પોતાની સંસ્થામાં સ્વૈચ્છિક રીતે સામેલ કર્યા.

## સંસ્થાની પ્રવૃત્તિઓના કાર્યક્ષેત્રેનો પ્રથમ તબક્કો :

**શ્રી ગુરપ્રીતસિંગે** સમાજસેવાના આ કાર્યને ભાવનગરમાં શરૂ કર્યું ત્યારે તેમણે જોયું અને અનુભવ્યું કે ભાવનગરની કુલ વસ્તીનો લગભગ એક તૃતિયાંશ જેટલો ભાગ તો ફકત ઝૂંપડપટ્ટીઓમાં જ વસે છે આવી વસ્તીઓમાં પોતે જતા જ તેમને સમજાયું કે અહીં તો લગભગ નિરક્ષરતા, બેકારી, વ્યસનોની કૂટેવો, ખરાબ આદતો, સામાજિક અને આર્થિક પછાતપણું, ભૂખમરો, હિંસા જેવાં દૂષણોનું પ્રમાણ પણ ઘણું વધુ છે. આવા બધા કારણોને લીધે આ લોકો પોતાની આરોગ્ય અને શરીર સંભાળ માટે પણ ઘોર બેદરકાર અને લાપરવાહ બને એવું સ્વાભાવિકપણે જોવા મળે છે. આને કારણે બાળ અને કિશોરાવસ્થામાં જ એ લોકો પોતાના શરીર પ્રત્યેની કોઈ પણ સંભાળ રાખવામાં ખૂબ જ બેપરવાહ રહેતા જોવા મળે છે. આની અસરના લીધે જ હિંસાખોરી, શોષણ, છીનવી લેવાની વૃત્તિ, જાતિય આવેગોને સભાન કે અભાનપણે ગેરમાર્ગે વાળવાની અને આવી અન્ય ખરાબ પ્રવૃત્તિઓનું પ્રમાણ ઘણું જ વધારે જોવા મળતું હતું.



આની સાથે ત્યાંની દિકરીઓ ઘર-ઘર રમવા કે અન્ય નિર્દોષ રમતો રમવાનાં આનંદને માણવાને બદલે કુમળીવયે જ જાતિય હિંસાનો ભોગ બને છે અને નાની વયે લગ્ન થઇ જાય છે તેને લીધે કાચી ઉંમરે જ માતા બનવાનું ઘણાખરા કિસ્સાઓમાં

**શ્રેષ્ઠ કાર્યમાં અનેક વિઘ્નો આવે છે.**

સામે આવતું જોવા મળે છે. બાળકો-કિશોરો પણ નાની વયમાં જ બાળ-મજૂરીની અથવા તો નશીલા પદાર્થોની ગેરકાનૂની પ્રવૃત્તિઓ સાથે જોડાઇ જતાં જોવા મળ્યાં. આના પરિણામે આવા બાળકો-કિશોરોમાં અક્ષરજ્ઞાન મેળવવાનું તો સપનું કે કલ્પના માત્ર બની જતું. જેઓ ઉંમર વધતાં જ યુવા-વયે જ મજૂરી, ગેરકાનૂની વસ્તુઓની હેરાફેરી અથવા તો જૂગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ તરફ જ વળે છે. આ માટે તેમને અક્ષરજ્ઞાન અને પાયાનું શિક્ષણ આપવાના હેતુથી લર્નીંગ સેન્ટરની શરૂઆત કરવામાં આવી. આ લર્નીંગ સેન્ટરનો ક્રમશઃ વ્યાપ વધતાં ખૂબજ સારા પરિણામો મળ્યાં. **૨૦૦૭ થી શરૂ કરેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જોઇએ તો ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં તો કુલ ૧,૦૯૨ બાળકોને એમણે પાયાના શિક્ષણ દ્વારા શિક્ષિત કર્યાં.**



આ સમાજમાં ઝૂંપડપટ્ટીના, ગામડાનાં કે શહેરનાં આર્થિક રીતે પછાત વિસ્તારનાં શિક્ષિત-અશિક્ષિત લોકો પાસે શું છે? જીવન-મૂલ્યો સિવાય બધું જ છે. આ જીવન-મૂલ્યો ન હોવાના કારણે મહદ્અંશે ઉપર કહેલી તમામ સમસ્યાઓ જન્મે છે. આ તમામ સમસ્યાઓને જ દૃષ્ટિ સમક્ષ રાખીને આ લોકોને જીવન જીવવાના મૂલ્યો સમજાવવા અને એ મૂલ્યોને પોતાનામાં કેળવવા જેવી મહત્વની વાતો દ્વારા તેઓને જાગૃત કરી અને તેમનાં જીવન ધોરણને વધુ સારાં બનાવવાના મુદ્દાને કેન્દ્રમાં રાખીને અન્ય બાબતોને પણ શિખવવા, સમજાવવા અને અપનાવવા જેવી કામગીરી શરૂ કરી. આ પ્રકારની લોક જાગૃત્તિની સાથોસાથ **'લર્નિંગ સેન્ટર'** ની શરૂઆત પણ કરી.

અત્યારે સ્નેહા ફાઉન્ડેશન **'લર્નિંગ સેન્ટર'**ના માધ્યમથી શિક્ષણની પોતાની આગવી પદ્ધતિથી આવાં બાળકોમાં સ્વતંત્રતાથી મુકતમને રોજ **સાંજે ૪:૩૦ થી ૭:૩૦ સુધી** સંસ્થાના પ્રાંગણમાં જ રમતાં-રમતાં અભ્યાસ વિષયક બાબતો શીખવે છે. જેમાં હાલમાં સંસ્થામાં **૫૦૦** થી વધુ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે.



અહીં લર્નિંગ સેન્ટરમાં મુખ્યત્વે એ દ્યાનમાં લેવાયું છે કે આર્થિક રીતે સાવ પછાત વિસ્તારોમાં જે લોકો શિક્ષણથી તકવંચિત રહ્યાં છે, એવા જરૂરિયાતમંદ બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરૂં પાડી અને આ સેવાનો વધુમાં વધુ તકવંચિતોને લાભ મળે એવા ઉમદા હેતુસર આવા આર્થિક રીતે પછાત વિસ્તારમાં જ ઘર આંગણે સાંજની શાળા સ્વરૂપે આવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરી. જો કે આ બધી પ્રવૃત્તિ તો ગુરપ્રીતસિંગ ૨૦૦૭ ની સાલથી કરતાં જ હતા. **૨૦૧૩ થી ૨૦૧૭ સુધી આ શૈક્ષણિક પ્રવૃત્તિમાં આશરે ૪,૧૦૩ જેટલાં બાળકોને લાભ મળેલો છે.**



ઓછામાં ઓછા સાધનોમાં વધુમાં વધુ આનંદ મેળવે, કંઇક નવું શીખે, તેના માટે દેશી રમતો અને આ રમતો રમતાં રમતાં જ બાળકો વધુ ચપળ, સ્વસ્થ અને હોશિયાર બને તથા તેઓ આ લર્નિંગ સેન્ટરમાં જ પાયાનું અને જરૂરી પ્રાથમિક શિક્ષણ જેમાં વાંચન, લેખન, ગણન અને જીવન જીવવાનાં પ્રાથમિક મૂલ્યો વિશે જ્ઞાન મેળવે, તેઓ પોતાનાં જીવનને વધુ સારી રીતે જીવે અને તેઓ તેમાં વધુને વધુ આગળ વધે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.



**બાળક સ્વયં શિક્ષણ મેળવે છે. તમારું કર્તવ્ય તો માત્ર તેમને સહયોગ આપવાનું અને અડચણો દૂર કરવાનું છે.**

## સ્નેહા ફાઉન્ડેશન દ્વારા હાલમાં ચાલતી નિયમિત પ્રવૃત્તિઓ પર નજર ફેરવીએ :

### (૧) શિક્ષણ - 'લર્નિંગ સેન્ટર' :

બાળકોને અક્ષરજ્ઞાનથી શરૂ કરીને પ્રાથમિક શિક્ષણ સુધીનું ભણતર આપવામાં આવે છે. જેમાં વાંચન, લેખન, ગણન અને જીવન ઉત્તમ રીતે જીવવા માટેના જીવન-મૂલ્યોના પાયાને મજબૂત કરવામાં આવે છે જેથી તેઓ પોતાના જીવનને શ્રેષ્ઠ રીતે જીવવાનું શીખીને આગળને આગળ વધે છે. પછી તેઓને અભ્યાસક્રમ પ્રમાણેનું શિક્ષણ અપાય છે. સાથે સ્કિલ ડૅવલપમેન્ટ દ્વારા વ્યક્તિ વિકાસ અને સર્વાંગી વિકાસ ના પ્રયત્નો પણ કરવામાં આવે છે.





આના આંકડાઓ જોઇએ તો શિક્ષણક્ષેત્રે **સ્નેહા ફાઉન્ડેશન** ની સ્થાપના બાદ **૨૦૦૭** થી **૨૦૨૦** સુધીમાં કુલ આશરે **૭,૪૪૨** જેટલાં બાળકોને આનો લાભ મળેલો છે. નિરક્ષર કે અલ્પશિક્ષિત કે અર્ધશિક્ષિત લોકોને આનો લાભ મળેલો છે. જે સાચા અર્થમાં અહીં થતી સેવાકિય પ્રવૃત્તિને મળેલી બહોળી સફળતાને દર્શાવે છે.



# એકટીવીટી લર્નીંગ સેન્ટરની સુંદર પ્રવૃત્તિઓની ઝલક








## (૨) આરોગ્ય :

શિક્ષણ સાથે બીજુ એક સૌથી અગત્યનું પાસું આરોગ્યનું છે. શહેર હોય કે ગામડું દરેકમાં આવેલા સ્લમ વિસ્તારોમાં જોવા મળતા ગંદકીના ઢગલાઓ વચ્ચે જીવન જીવતાં લોકો અનેક કારણોસર પોતાની અને પોતાના કુટુંબના આરોગ્ય અને સ્વસ્થ જીવન વિશે ભાગ્યે જ જરૂરી કાળજી લેતા હોય છે. **વર્ષ જુલાઇ ૨૦૧૭** માં આવા આર્થિક રીતે નબળા લોકોની સારવાર અને તેઓના કુટુંબીજનોના આરોગ્યની સંભાળ લેવા પ્રત્યેની જાગૃત્તિ લાવવાના ઉમદા હેતુથી આરોગ્ય સેવા શરૂ કરવામાં આવી.

### (અ) 'મોબાઇલ ડિસ્પેન્સરી' (હરતું-ફરતું દવાખાનું) :

ભાવનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં લોકોને આરોગ્યની સુવિધા પુરતા પ્રમાણમાં મળતી ના હોય ત્યાં સંસ્થા દ્વારા **'મોબાઇલ ડિસ્પેન્સરી'** ના માધ્યમથી તે વિસ્તારોમાં જઇ યોગ્ય સારવાર આપવામાં આવે છે. ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીમાં કુલ **૫૬૬** વિઝિટ્સમાં **૧૩,૮૩૪** દર્દીઓની તપાસ કરી યોગ્ય સારવાર કરવામાં આવી.



## (બ) ‘સાર્વજનિક દવાખાનું’ :



**જુલાઈ–૨૦૧૭** ની સાલમાં જ કિલિનિક સેવા પણ શરૂ કરવામાં આવી છે. જેમાં ભાવનગર શહેરમાં આવેલ સ્લમ વિસ્તાર-ખેડૂતવાસમાં સ્નેહા ફાઉન્ડેશને એક જગ્યા રાખી અને ત્યાં એક સાર્વજનિક કિલિનિક શરૂ કર્યું છે. આ વિસ્તારમાં રહેતા આર્થિક રીતે જરૂરિયાતમંદ લોકોનાં નિદાન, સારવાર અને જરૂરી દવાઓ જેવી તમામ સેવાઓ નજીવા ટોકન દરે કરાય છે. **જેમાં ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીમાં કુલ ૪,૮૦૨ દર્દીઓએ સારવાર મેળવી છે.**

## (ક) ‘મેડિકલ કેમ્પ્સ’ :



આરોગ્યક્ષેત્રે વધુ એક સુવિધા મેડિકલ કેમ્પ્સની છે. જેને પણ ૨૦૧૭ ની સાલમાં જ શરૂ કરાઈ છે. જેમાં **૨૦૧૭ થી ૨૦૨૦** માં શહેર અને ગ્રામ્ય એમ બન્નેનાં આર્થિક રીતે પછાત લોકો માટે કુલ **૫૩** મેડિકલ કેમ્પ્સમાં કુલ **૪,૬૬૫** દર્દીઓની તપાસ અને નિદાન તથા સારવાર અને દવાઓનું પણ વિતરણ કરાયું છે.

## આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓની ઝલક













## (૩) તરૂણ અવસ્થામાં બાળકોમાં થતાં શારીરિક અને માનસિક ફેરફારોની બાબતો :



અમારા વર્ષોના અનુભવો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી અમો એવા પ્રયત્નો કરી રહ્યા છીએ કે જેમાં તરૂણ અવસ્થામાં દિકરા-દિકરીઓમાં થતાં શારીરિક, માનસિક અને ભાવાત્મક ફેરફારોને ઓળખવા, સમજવા અને તેનું નિયંત્રણ કરવું સાથે સલામતી અને સુરક્ષા જેવા મુદ્દાઓ પર કાર્ય કરવું. આ અવસ્થામાં દિકરા-દિકરીઓના મનમાં ઉદ્‌ભવતા પ્રશ્નોનાં સાચા જવાબ મળી રહે અને તેઓ સાચી દિશા તરફ વળે, કયાંક એવુ ના બને કે બાળકો આ પ્રશ્નના જવાબ જાણવા હાલમાં વધતાં જતા સોશિયલ મીડિયા કે અન્ય કોઇ ખોટા મધ્યમથી ખોટા રસ્તે જતાં રહે અને ત્યાંથી તેમને પાછા લાવવામાં મુશ્કેલી પડે, માટે એક સાચી સમજ આપવાનો અમારો આ એક પ્રયાસ છે જેમાં અમે બાળકો સાથે આ વિષય પર વિવિધ પ્રકારની તાલીમો કરી રહ્યા છીએ જેવી કે **આરોગ્યલક્ષી, સ્વચ્છતાલક્ષી, સેલ્ફ ડિફેન્સ, બાળકો સાથે ગ્રૂપ ચર્ચા કરવી, વાતો કરવી, બાળકોમાં એક પ્રકારની જાગૃતિ લાવવી વગેરે** સંસ્થા દ્વારા આ પ્રવૃત્તિમાં ખાસ તો **૧૧ થી ૧૭ વર્ષની કિશોરીઓ કાચી ઉંમરમાંથી યુવતી** બને એ સમયગાળો એમના માટે ભારે મૂંઝવણભર્યો હોય છે. આ માટે માસિક રૂતુચક્રમાં આવતી આવી કિશોરીઓને સ્વચ્છતાની અગત્યતા, સેનેટરી પૅડ્‌સનું મહત્વ જેવા વિષયો પર જરૂરી એવી તમામ સમજણ આપી અને આ માટે **'સેનેટરી પૅડ્‌સ'** નું વિતરણ પણ કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષોમાં ૧૯૧ જેટલી બાળાઓ આનો લાભ મેળવી ચૂકી છે.



## (૪) વેકેશન કેમ્પ્સ :



સન્ ૨૦૧૦ થી સંસ્થામાં આવતાં બાળકો અહીંથી તાલીમ દરમિયાન પોતે શિખેલી અને વિકસાવેલી પ્રવૃત્તિઓનું આત્મવિશ્વાસ અને ખુશખુશાલ મન સાથે પોતાના મા-બાપ, સગા-સંબંધીઓ અને અન્ય લોકો સમક્ષ રજૂ કરી શકે એ માટે **'સાંસ્કૃતિક કાર્યક્રમ'** નું આયોજન કરવામાં આવે છે. જેમાં પોતાની વિવિધ કલાનું પ્રદર્શન કરી બાળક અનેરો આનંદ અનુભવે છે. સાથે વૅકેશનનાં સમયગાળામાં નજીકનાં અને દૂરનાં જોવા, જાણવા અને સમજવાલાયક સ્થળો પર બાળકોને લઇ જઇને નાનાં-મોટાં વૅકેશન કેમ્પ્સનાં આયોજન કરવામાં આવે છે.

બાળક અને કિશોરોને અજાણી અને વણદીઠી જગ્યાઓ પર લઇ જઈને તેમના જીવનમાં સાહસ અને સમરસતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આવી જગ્યાઓ પર સ્થળનું ઐતિહાસિક મહત્વ સમજાવવામાં આવે છે. વેકેશન એટલે આજના વ્યસ્ત સમયમાં બાળકો માટે ખૂલીને, મોકળા મને આનંદ કરવાના અવસરનું ટાણું. બાળકો માટે પ્રવૃત્તિઓથી સભર એવા વેકેશનને નવું જોવા-જાણવા અને માણવા માટે જ ખાસ આવા **'વેકેશન કેમ્પ્સ'** નું આયોજન કરીને તેમના જીવનને કિલ્લોલ અને મોજમસ્તીથી ભરી દેવા માટેની અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય છે.








## (૫) લાઈબ્રેરી :




વર્ષ ૨૦૧૨ થી સંસ્થા દ્વારા ભણેલાં પણ ઓછી આવકવાળા લોકોમાં વાંચનનો મહિમા સમજાવવા, તેમની વાંચનભૂખને વધારવા અને તેને પૂરી કરવા માટે સંસ્થાએ એક **'લાઈબ્રેરી'** શરૂ કરી છે. જેમાં સંસ્થાના સ્વયંસેવી અને સેવાભાવીઓની સાથોસાથ બાળકોને પણ જોડીને આ કાર્ય કરાય છે. આર્થિક રીતે છેવાડાનાં લોકો કે જેઓમાં થોડું-ઘણું ભણતર છે અને વાંચવાનો રસ પણ છે, છતાં આર્થિક તંગીને કારણે જેઓ વાંચન નથી કરી શકતાં તેવા લોકો માટે આ સેવા પ્રવૃત્તિ એક આશીર્વાદ સમાન છે. આનાથી સ્લમ વિસ્તારોમાં રહેતાં લોકોની વાંચન પ્રત્યેની રસ-રુચિ વધે છે. આ લાઇબ્રેરીમાં આશરે **૧૭૦૦** થી વધુ બાળકોએ લાભ લીધો છે.



जीवन का पहला कदम शिक्षा की ओर बढ़ाएं ।

## (૬) સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ :



સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ કે જેમાં અવૈધિત તાલીમ આપવાના ભાગરૂપે આવા સ્લમ વિસ્તારોના લોકોને લર્નિંગ સેન્ટરોમાં વિવિધ વિષયો પર વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. જેમાં **બેઝિક કમ્પ્યુટર કોચિંગ, બેન્કિંગ, ફાઈનાન્સ, બ્યુટી પાર્લર, કૂકિંગ, ભરત ગૂંથણ, સ્પોકન ઈંગ્લિશ** જેવી રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે.

આજના સમયમાં પ્રકૃત્તિની જાળવણીનું મહત્વ ખુબ જ જરૂરી બન્યું છે. આના ભાગરૂપે પર્યાવરણની જાળવણીનું મહત્વ, વૃક્ષ વાવવા અને તેની જાળવણી અને સંભાળ લેવી જેવી પ્રવૃત્તિઓની સાથે સાથે જ **'માટીના ઇકો ફ્રેન્ડલી ગણેશજી'** બનાવતા શિખવવામાં આવે છે. બાળકોએ બનાવેલી આવી ગણેશજીની મૂર્તિઓનું વેચાણ કરીને એમને આવકનું અને બચતનું મહત્વ પણ સમજાવવામાં આવે છે.

## (૭) તહેવારોની ઉજવણી :



વર્ષ ૨૦૧૨ થી સ્લમ વિસ્તારના લોકો અન્ય સામાજિક પ્રવૃત્તિઓની ઉજવણી દ્વારા સમાજમાં સહજીવનનું મહત્વ સમજે, જાણે અને સામાજિકરૂપે સમરસ થઇ અને પોતે દરેકમાં ઉત્સાહસભર રીતે ભાગ લે એવા આશયથી દરેક તહેવારો પાછળની ઉજવણી વખતે તેને ધાર્મિક અને અન્ય બાબતોની સાચી સમજ આપી અને એ પોતે બધા જ તહેવારોની ખરા અર્થમાં ઉજવણીમાં ઉલ્લાસસભર થઇને ભાગ લે, એ માટે એ તહેવારોની ઉજવણી આનંદ થી, ઉમંગથી કરવામાં આવે છે. આની પાછળનો મૂળ હેતુ તેને સામાજિક રીતે હળતાં-મળતાં શિખવવાનો છે. બાળકોને આવી ઉજવણીઓના ભાગરૂપે જ ઉજવણી બાદ પ્રોત્સાહક ઇનામો આપવામાં આવે છે અને સમૂહ ભોજન કરાવવામાં આવે છે. **જેમા ભારતીય સંસ્કૃતિનો મુખ્ય તહેવાર દિવાળી નિમિત્તે સંસ્થાના ૫૦૦ થી વધુ બાળકોને મીઠાઈ અને ફટાકડા આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.**



આપણી જીંદગીમાં જો જવાબદારીઓ અને જોખમો ન હોય
તો જીંદગી કદી પણ જીવવા યોગ્ય ન હોત. - ગાંધીજી

## (૮) માં અન્નપૂર્ણા યોજના :



વર્ષ ૨૦૧૩ માં **'વહેંચીને ખાવું, વહેંચીને જીવવું'** જેવો પાયાનો ખ્યાલ સમજાવવા માટે અતિશય જરૂરિયાતમંદ લોકો સુધી મહિનાભરની જીવનજરૂરી એવી ખાદ્ય સામગ્રીની એક કીટ તૈયાર કરીને તેનું વિતરણ કરવામાં આવે છે. જેનો લાભ નિઃસહાય, વિધવા અને ગંભીર રોગથી પીડાતા લોકોને આપવામાં આવે છે. **વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૦ સુધીમાં કુલ ૩૭૫ જેટલાં કુટુંબો આનો લાભ લઇ ચૂકયાં છે.**

## (૯) વિવિધ જાહેર યોજનાઓ માટે સપોર્ટ સેન્ટર :

સામાન્ય રીતે એવું બનતું હોય છે કે સરકાર દ્વારા ઘણી બધી યોજનાઓ લોકો માટે બહાર પડતી હોય છે. પણ ઓછા શિક્ષણ અને ખાસ જાણકારીના અભાવે આવા લોકો લાભાન્વિત થવાનું પ્રમાણ બહુ જ ઓછું બનતું હોય છે. આ સેન્ટરમાં લોકોને સરકારી યોજનાઓ સુધી પહોંચાડીને સરકાર દ્વારા ઘોષિત તમામ યોજનાકીય બાબતોનો લાભ જે લોકો ખરા અર્થમાં લાભાર્થીઓની કેટેગરીમાં આવતા હોય એવા લોકોને એ લાભ મળે એ રીતની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. **વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૦ સુધીમાં કુલ ૪૫૫ લોકોએ આનો લાભ મેળવ્યો છે.**














**ઉત્તમ કાર્ય માટે ઉત્તમ સમયની રાહ ન જુઓ, હમણાં જે સમય તમારા હાથમાં છે એ જ ઉત્તમ સમય છે.**

## (૧૦) અન્ય પ્રવૃત્તિઓ :

- જરૂરિયાતમંદોને શિયાળામાં ધાબળા વિતરણ પણ કરવામાં આવે છે. **જેમાં ૨૦૧૫ થી ૨૦૨૦ સુધીમાં કુલ ૪૬૦ લાભાર્થીઓએ લાભ લીધો.**
- સ્વસ્થ સમાજ જ પોતે અને રાષ્ટ્રને આગળ વધારે છે. તો આપણે આગળ જોયું એમ આ માટેની પ્રવૃત્તિઓમાં હવે એક ડગલું વધીને સ્લમ વિસ્તારમાં જન્મેલા બાળકોને રસીકરણ અને બીજી તમામ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પડાય છે.
- કોરોના જેવી મહામારીઓ સામે રક્ષણ મેળવવા માટે જન-જાગૃતિ, મહારોગો માટે આવશ્યક દવાઓ શકય ત્યાં સુધી **નિઃશુલ્ક** અથવા નહીવત્ દરે પૂરી પડાય છે. **જેમાં સંસ્થા દ્વારા** રોગપ્રતિકારક શકિત વધારવા માટે **૨૧૯૦** થી વધુ લોકોને **હોમિયોપેથિક** અને **આયુર્વેદિક** દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી.
- આ સિવાય જન-જાગૃતિ માટેના અભિયાનોમાં વ્યસનમુકિત અને પ્રાથમિક તંદુરસ્તી માટે જરૂરી સંભાળ, એચ.આઇ.વી. ઍઙ્‌સ, કેન્સર જેવા મહારોગો માટેની આવશ્યક જાગૃતિ, પર્યાવરણ વિશેષ અભિયાન અને બેટી બચાઓ, બેટી પઢાઓ જેવા અભિયાનો નિયમિત અંતરે યોજવામાં આવે છે. **જેમાં ૨૦૧૫ થી ૨૦૨૦ સુધીમાં ૧૦૯ કાર્યક્રમો અને સેમીનારો કરવામાં આવ્યા.**

**માનવ સેવા એજ પ્રભુ સેવા.**









**પ્રભુની પાસે જે આપ પોતાના માટે માંગો છો તે યાચના છે,**
**પરંતુ પ્રભુની પાસે આપ જે બીજાના માટે માંગો છો, તે પ્રાર્થના છે.**

## પ્રેરક : સ્વ. માલતીબેન જે. ગીલ



પ્રેમ, પ્રમાણિકતા, પરોપકાર, પ્રેરણા, પ્રોત્સાહન, કર્તવ્ય, કરૂણા, કદર, આદર, આભાર **"જેવા સકારાત્મક ભાવો"** મનુષ્યના મનમાં સંચિત થાય ત્યારે જ મનુષ્યના જીવનમાં સુખ, શાંતિ, સંપ, સમજણ, સમૃદ્ધિ, સંપત્તિ, નામના અને પ્રતિષ્ઠા સામેથી ખેંચાઇને આવે છે. આવી પ્રેરણા આપતા સંસ્થાના વડીલ **સ્વ. માલતીબેન ગીલને વંદન.**

તેઓ હંમેશા કહેતા કે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે એક જ ધ્યેય માટે સૌએ સાથે મળીને કામ કરવું જોઇએ. તેમના આ ઉદ્દેશને સાર્થક કરવા આજે સંસ્થાની સમગ્ર ટીમ સાથે મળીને સમાજ પ્રત્યે ઋણ અદા કરવાના આપણા આ પંથમાં સતત આગળને આગળ વધી રહી છે. તેઓ કહેતા કે દરેક કામમાં વિધ્નો તો ઘણા આવશે પરંતુ સાચી નિષ્ઠાથી જો આપણે સતત મહેનત કરતાં રહીશું તો જીત ચોક્કસ મળશે.

## સ્થાપક : ગુરપ્રીતસિંગ ગીલ



**ગુરપ્રીતસિંગ ગીલ** પોતાના વ્યવસાયની સાથે છેલ્લા **૧૬ વર્ષથી** સમાજ પ્રત્યે ઋણ અદા કરવાના આ પંથમાં આજે પણ સતત પ્રયત્નશીલ છે. તેઓ સમાજના ઉત્થાન માટે નવું વિચારી સમગ્ર ટીમને સાથે લઇને આ પંથ પર આગળ ચાલી રહ્યા છે. તેઓએ ભારતનાં અલગ-અલગ રાજ્યોમાં જઇ સમાજ સેવાની ઘણી પ્રશંસનીય કામગીરી કરી છે, જેમાં તેમને સામાજિક અને જાહેર સેવાઓ માટે ઘણા એવોર્ડસ મળ્યા છે.



## સચિવ : વિરલ ગીલ

**વિરલ ગીલ ૨૦૦૯** માં સંસ્થામાં જોડાયા ત્યારથી જ તેમણે શિક્ષણ અને આરોગ્યની તમામ જવાબદારી સંભાળી. તેઓ તમામ ધોરણના બાળકોના શિક્ષણની વ્યવસ્થા ગોઠવે છે. તેઓ બાળકો માટે શૈક્ષણિક સાધનો તૈયાર કરે છે. તેઓ દરેક કાર્યક્રમનું આયોજન અને અમલીકરણ કરાવે છે. તેઓ શિક્ષકોનું સંચાલન કરે છે અને શિક્ષણ પ્રક્રિયાને સરળ બનાવવા માટે વિચારશીલ સૂચનો પ્રદાન કરે છે. તેઓને સૌરાષ્ટ્ર ક્ષેત્ર માટે **૨૦૧૧** માં **'વુમન ઓફ ધ યર'** એવોર્ડ સહિત સામાજિક અને જાહેર સેવાઓ માટે ઘણા એવોર્ડસ મળ્યા છે.

એક પુસ્તક, એક પેન, એક બાળક અને
એક શિક્ષક વિશ્વને બદલી શકે છે.



## સહ સચિવ : હર્ષકુમાર જોષી



**હર્ષકુમાર જોષી** ૨૦૧૩ માં સંસ્થામાં જોડાયા હતા. તેઓ ઓપરેશનલ લેવલ પર થતી કોઇપણ મુશ્કેલીઓ માટે કિંમતી સહાય પૂરી પાડે છે. તેઓ તકનીકિ ક્ષેત્રમાં અનુભવી છે તેથી સંસ્થાને તકનીકી સેવાઓ પૂરી પાડે છે. તેઓ દરેક પ્રક્રિયાની સુધારણા માટે સંસ્થા જે નવી પહેલ કરવા માંગે છે તેને પ્રોત્સાહિત કરે છે અને ટેકો આપે છે. ડિજીટલ અને પ્રિન્ટ મીડીયામાં સંસ્થાની પ્રવૃત્તિઓના સમયસર સંચાલન માટે પણ તેઓ જવાબદાર છે.



## પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર : નિરૂબેન માણેક

**નિરૂબેન માણેક** સંસ્થાની શરૂઆતથી જ સંસ્થા સાથે જોડાયેલા છે. તેઓ ૧૫ વર્ષ આ ક્ષેત્રમાં કાર્ય કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓએ પોતાના વિચારો અને મહેનતથી સમગ્ર ટીમને સાથે રાખીને સંસ્થાને આગળ વધારવાના સતત પ્રયત્નો કર્યા છે. તેઓએ બાળકોને સ્વતંત્ર રીતે રમતા-રમતા સરળતાથી લખતા વાંચતાં શીખવાડવા માટે અનેક પદ્ધતિઓથી કાર્ય કરેલ છે.

## સ્નેહા ફાઉન્ડેશન ટીમ



સાથી હાથ બઢાના, એક અકેલા થક જાયેગા,
મિલકર બોજ ઉઠાના, સાથી હાથ બઢાના ।

# સંસ્થાની પ્રવૃત્તિઓની વર્તમાનપત્રમાં લેવાયેલ નોંધ



દિવ્ય ભાસ્કર | 31-Aug-2018 ભાવનગર Page 6

જનજાગૃતિ | માટીના ગણેશજીનું પ્રદર્શન યોજાશે

## બાળકો દ્વારા કરવામાં આવશે ઈકો ફ્રેન્ડલી ગણેશજીનું સર્જન

સૌરાષ્ટ્ર સમાચાર અને સ્નેહા ફાઉન્ડેશન દ્વારા આયોજન

દિવ્ય ભાસ્કર અભિયાન: બેસાડો માટીના જ ગણેશ

સપ્ટેમ્બર ગણેશ ચતુર્થીથી ગણેશજીનું સ્થાપન કરવામાં આવશે. પરંતુ પ્લાસ્ટર ઓફ પેરિસની બનાવેલી મૂર્તિઓને દરિયા કે નદીમાં વિસર્જન કરવામાં આવે છે જેથી જળચર પ્રાણીને નુકશાન થવા સાથે પાણી પણ પ્રદૂષિત થાય છે. ત્યારે દિવ્ય... પ્લાસ્ટર ઓફ પેરિસની બનાવેલી મૂર્તિને કારણે પાણી પ્રદૂષિત થાય છે. પાણી પ્રદૂષણને અટકાવવાના પ્રયાસરૂપ સૌરાષ્ટ્ર સમાચાર અને સ્નેહા ફાઉન્ડેશન દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણપતિજી બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. બાળકો દ્વારા...

દિવ્ય ભાસ્કર | 03-Sep-2018 ભાવનગર Page 2

સૌરાષ્ટ્ર સમાચાર અને સ્નેહા ફાઉન્ડેશન દ્વારા ઈકો ફ્રેન્ડલી ગણેશજી સર્જનનું આયોજન

જનજાગૃતિ | 8 અને 9મીએ પ્રદર્શન

## શ્રદ્ધા સાથે પ્રકૃતિની રક્ષા કાજે ગરીબ બાળકો મક્કમ

ભાસ્કર વિચાર

## સમર કેમ્પનું સુંદર આયોજન

ભાવનગર શહેરના અતિ પછાત વિસ્તારોના બાળકો માટે -સ્નેહા ફાઉન્ડેશન અને અશ્વમેધ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે - સમર કેમ્પનું સુંદર આયોજન દર વર્ષે યોજવામાં આવે છે જે અંતર્ગત કલબલાટ - ૨૦૧૯ શિર્ષક હેઠળ સંસ્કૃતિક કાર્યક્રમ ૮ જૂનના યોજાયો. આ સંસ્થામાં ૩૪૦ બાળકોને મફત શિક્ષણ તેમજ જીવન ઘડતરના અનેક કર્યો અને ૯૦થી વધુ પ્રવૃત્તિઓ આ બાળકોને પીરસાય છે. તેવું સંસ્થાના સંચાલક ગુરુપ્રીતસિંગ ગિલ એ જણાવ્યું હતું. કાર્યક્રમમાં પણ બાળકોએ એકથી એક ચડિયાતી કૃતિઓ રજૂ કરી દર્શકોને મંત્રમુગ્ધ કર્યાં હતા.

( તસ્વીર :- કલ્પ બેલાણી )

તક વંચિત બાળકોએ આપ્યું સ્ટેજ પર્ફોમન્સ

## સ્ટેજ પર નૃત્યનું મારૂ સ્વપ્ન આખરે સાકાર

સ્નેહા ફાઉન્ડેશન અને અશ્વમેધ ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે યશવંતરાય નાટ્યગૃહ ખાતે યોજાયેલા કલબલાટ 2018 માં 60 બાળકોએ ધમાકેદાર ડાન્સ પર્ફોમન્સ આપ્યું. આ બાળકોએ સપનામા પણ સ્ટેજ પ્રોગ્રામ નો વિચાર કર્યો નહિ હોય પરંતુ આ બાળકોના ડાન્સ ...નો કોચિંગ ક્લાસ કર્યો ...રહ્યું છે. ...ર્ફોર્મન્સ આપનાર ૬૦ ...તા-પિતા મજૂરીકામ ...વી રોજ ખાઈ રહ્યા છે ...માંડ ગુજરાન ચલાવી ...પોતાના બાળકને સ્ટેજ ...માં જોઈ હરખના આંસુ ...હતા. ...ગરીબ બાળકોએ ...પ્રદાન કરેલું આર્ટવર્ક ...ડેકોરેશન કરવામાં...

**હજુ સપનું જ લાગે છે**

લગ્ન પ્રસંગ સિવાય હું ડાન્સ કરી શકતી નથી. આજે સ્ટેજ પર મેં ડાન્સ કર્યો તે હજુ પણ સપનું જ લાગે છે. » સોલંકી પાયલ આર.

**સ્ટેજ પ્રોગ્રામ જોયા ન હતા**

અમારે કદાપિ સ્ટેજ પ્રોગ્રામ જોવાનું બન્યું નથી. પરંતુ આજે મેં પોતે સ્ટેજ પર ડાન્સ કરતાં ખૂબ આનંદ થયો છે. » ગોહેલ ભાવેશ વી.

**માબાપ અતિ ખુશ**

ઘરમાં હું નાચતો તો ઘરના મને ખિજાતા હતા. આજે મને સ્ટેજ પર ...

## તકવંચિત બાળકોને અપાઇ સ્કૂલ બેગ

ભાવનગર : સ્નેહા ફાઉન્ડેશન દ્વારા છેલ્લા 12 વર્ષથી આ... રીતે પછાત વિસ્તારમાં શિક્ષણથી તકવંચિત બાળકો માટે ચાલ... સંસ્થાના લર્નિંગ સેન્ટર... આવી હતી.

divyabhaskar.com

શહેરની સંસ્થાઓ દ્વારા મીઠાઇ,ફટાકડા, અનાજ વિતરણ કરાશે

## પછાત વિસ્તારના બાળકો અને જરૂરીયાતમંદ લોકો દિવાળી પર્વ આનંદ-ઉલ્લાસથી ઉજવશે

સ્નેહા ફાન્ડેશન, અશ્વમેધ ચેરીટેબલ ટ્રસ્ટ અને મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દિવાળી નિમિતે સમાજ સેવાના ઉદાત કાર્યક્રમો કરાશે

**તકવંચિત બાળકોને મીઠાઇ અને ફટાકડાનું વિતરણ કરવામાં આવશે**

ભાવનગર : સ્નેહા ફાઉન્ડેશન અને અશ્વમેધ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે દિપાવલી પર્વને અનુલક્ષીને ભાવનગર શહેરના આર્થિક રીતે પછાત વિસ્તારોના શિક્ષણથી તકવંચિત,ગરીબ અને બાળમજૂરી કરતા બાળકોને મીઠાઇ, ફટાકડા અને કરસાણ વિતરણનો કાર્યક્રમ આગામી તા.4.11.2018 ને રવિવારે સાંજે 5 કલાકે શહેરના ...

**જરૂરીયાતમંદ લોકોને અનાજ અને ચશ્મા વિતરણ કરાશે**

ભાવનગર : મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ... મનસુખલાલ શાહના સહયોગ... સવારે 10 કલાકે એલઆઈજી ... આનંદનગર ખાતે સંસ્થાના ... વીતરણ તેમજ દેવકુંવરબેન ...

## સ્નેહા ફાઉ.દ્વારા ખેડૂતવાસમાં વ્યસન મુકત રહેવા સંદેશો આપ્યો

## સ્નેહા ફાઉન્ડેશન દ્વારા દવા વિતરણ

ભાવનગર : સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત હરતું ફરતું દવાખાના દ્વારા પચ્ચાસવારીયા, શ્રમજીવી અખાડા પાસે ... ભાવનગર ખાતે આરોગ્ય સેવા પુરી પાડવામાં આવી ... અન્ય બીમારીથી પીડાતા ૫૭ દર્દીઓ ને યોગ્ય ... આપવામાં આવી અને સાથે ૮૫ થી વધુ ... કોરોના સામે રક્ષણ મેળવવા રોગપ્રતિકારક ... વધારવા હોમ્યોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું ...

## સ્નેહા ફાઉન્ડેશન દ્વારા મેડિકલ કેમ્પ યોજાયા

ભાવનગર : વિશ્વ આરોગ્ય દિન નિમીત્તે સ્નેહા ફાઉન્ડેશન દ્વારા રામદેવનગર, શાંતિનગર અને ચિત્રા વ. વિસ્તારોમાં મેડિકલ કેમ્પ યોજાયો હતો. જેમા100 થી વધુ દર્દીઓની તપાસ કરાઈ હતી.

આરોગ્ય | ખેડૂતવાસ ખાતે આજે

## યોજાશે આયુષ અવેરનેસ કેમ્પ

ભાવનગર | સ્નેહા ફાઉન્ડેશન, અશ્વમેધ ટ્રસ્ટ અને સરકારી હોમિયોપેથી દવાખાનું, રૂવાના સંયુક્ત ઉપક્રમે તા. 27-4 ને ગુરુવારે સાંજે 5 થી 8 સુધી શહેરના ખેડૂતવાસમાં આયુષ અવેરનેસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

**નોંધ :** આપના સ્વજન કે પરિવારજનોના શુભ પ્રસંગોમાં તથા આપના સ્વજનોને શ્રધ્ધાંજલી આપવાના ભાગરૂપે પણ આ સેવાયજ્ઞમાં આપ નિધિ નોંધાવી સહભાગી બની શકો છો.

## આ રીતે પણ આપ સેવાયજ્ઞમાં સહાય કરી શકો છો...

### શૈક્ષણિક સહાય યોજના (૫૦૦ થી વધુ બાળકો માટે) :

| | |
|---|---|
| ✔ એક દિવસનો એક્ટિવીટી લર્નિંગ સેન્ટરનો ખર્ચ | ૧,૦૦૦/- |
| ✔ શૈક્ષણિક સાધનો સહાય | ૧૧,૦૦૦/- |
| ✔ એક વર્ષમાં શૈક્ષણિક પ્રવાસનો અંદાજીત ખર્ચ | ૩૧,૦૦૦/- |
| ✔ લાઈબ્રેરીમાં એક માસનો અંદાજીત ખર્ચ | ૧,૦૦૦/- |
| ✔ વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો એક વર્ષનો અંદાજીત ખર્ચ | ૨૧,૦૦૦/- |

### તરૂણ અવસ્થાના બાળકો માટેની સહાય યોજના :

| | |
|---|---|
| ✔ એક માસનો અંદાજીત ખર્ચ | ૨,૫૦૦/- |

### બાળકોના પૌષ્ટિક આહાર સહાય યોજના (૫૦૦ થી વધુ બાળકો માટે) :

| | |
|---|---|
| ✔ એક દિવસનો સાદો નાસ્તો | ૫,૧૦૦/- |
| ✔ એક દિવસનું સાદું ભોજન | ૧૧,૦૦૦/- |
| ✔ એક દિવસનું મિષ્ટાન સાથેનું ભોજન | ૧૬,૦૦૦/- |

### આરોગ્યલક્ષી સહાય યોજના :

| | |
|---|---|
| ✔ સાર્વજનિક દવાખાનાનો એક માસનો અંદાજીત ખર્ચ | ૨,૫૦૦/- |
| ✔ એક મેડીકલ કેમ્પનો અંદાજીત ખર્ચ | ૨,૧૦૦/- |

### મોબાઇલ હેલ્થ યુનિટ સહાય યોજના :

| | |
|---|---|
| ✔ એક વખતના હરતા ફરતા દવાખાનાની વિઝિટનો અંદાજીત ખર્ચ | ૧,૫૦૦/- |

### માં અન્નપૂર્ણા સહાય યોજના :

| | |
|---|---|
| ✔ એક અનાજની કીટનો અંદાજીત ખર્ચ | ૧,૦૦૦/- |

## આપને સહભાગી થવા નિમંત્રણ :

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રિય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃત્તિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પૂરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકિય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપૂર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

## સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦-જી હેઠળ કરમુક્ત છે.

80-G No. : DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016
PAN No. : AAPTS4988N

## Bank Details :

SNEHA FOUNDATION
IDBI Bank Account No. : 0071104000438575
IFSC Code : IBKL0000071
UPI ID : 100020072300011.9328283281@idbi

UPI QR CODE

## આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો :


૯૩૨૮૨૮૩૨૮૧ | ૯૫૮૬૮૬૩૨૧૮ | ૯૫૧૦૮૮૮૯૯૦

**સ્નેહા ફાઉન્ડેશન**
પ્લોટ નં. ૨૧૭, હનુમાનજીના ઓટલા સામે, બહુચરમાતાજીના
મંદિરની સામેનો ખાંચો, રૂવાપરી રોડ, ખેડૂતવાસ,
ભાવનગર – ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com
www.snehafoundation.co.in
Snehafoundation Trust
Snehafoundation Trust


स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर